ગાંધીનગર સમાચાર

# ઉંડવા ગામે એક જ પરિવારના ચાર સભ્યો ઝેરી મેલેરીયામાં સપડાયા

## આરોગ્ય વિભાગની ટીમોમાં દોડધામ : તમામ મેઘરજ આરોગ્ય કેન્દ્રમાં સારવાર હેઠળ

ઈસરી, તા. ૧૦

મેઘરજ તાલુકાના ઉંડવા ગામે એક જ પરિવારમાં ઝેરી મેલેરીયાના ચાર કેસ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ફફડાટ ફેલાયો છે. તાલુકામાં એક જ માસના ગાળામાં છ કેસ મળી કુલ ૧૦ કેસ ઝેરી મેલેરીયાના નોંધાયા છે. એક જ પરિવારના ૪ સભ્યો ઝેરી મેલેરીયામાં સપડાતા આખુ આરોગ્યતંત્ર દોડતુ થઈ ગયું છે.



ઉંડવા ગામ રાજસ્થાન સરહદને અડીને આવેલ છે. જ્યાં ડેપ્યુટી સરપંચના ઘરમાં ચાર સભ્યોને તાવની અસર જણાતા તાકિદે મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તપાસ કરતા ડાહ્યાભાઈ ડામોર, કોકીલાબેન ડામોર, રાજીબેન ડામોર અને સુશીલાબેન ડામોરને ઝેરી મેલેરીયાની અસર હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આથી તમામને સઘન સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. મેઘરજ તાલુકામાં એક માસના ટુંકા ગાળામાં ૧૦ જેટલા ઝેરી મેલેરીયાના કેસ મળી આવતા સમગ્ર પંથકમાં ભય ફેલાયો છે. બીજી તરફ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દોડધામ શરૂ કરવામાં આવી છે.

## ખેડબ્રહ્મા સીનીયર સિટીઝન મંડળે ખેડબ્રહ્મા ડેપોના પુસ્તકાલયની મુલાકાતે

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં મુસાફર જનતા માટે શબ્દયાત્રા એસ.ટી. વાંચનાલયની શુક્રવારે સીનીયર સીટીઝન મંડળ, ખેડબ્રહ્મા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. ખેડબ્રહ્મા ડેપો મેનેજર એમ.એમ. દાદુએ શબ્દયાત્રા વાંચનાલય અંગે જણાવ્યું કે ખેડબ્રહ્મા ડેપોમાં રાજ્યનું પ્રથમ વાંચનાલય છે અને ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત આદિજાતી વિકાસ નિગમ હસ્તકના વન બંધુ કલ્યાણ યોજના હેઠળ પ્રાયોજના વહીવટદાર કચેરી દ્વારા રૂ. ૪.૫૦ લાખનો સહયોગ મળ્યો છે. વાંચનાલયમાં વિવિધ પુસ્તકો જે એસ.ટી.ના કર્મચારીઓ વિદ્યાર્થીઓ-મુસાફર જનતા સહિત સૌને ઉપયોગી થાય તેવી પસંદગી કરાઈ હોઈ સીનીયર સીટીઝન મંડળે ખુશી વ્યક્ત કરી હતી. સીનીયર સીટીઝન મંડળના પ્રમુખ કીર્તીકુમાર યુ. જોષી, ઉપ પ્રમુખ ઈન્દ્રવદન વોરા, મંત્રી શંકરલાલ એમ. સુથાર, કન્વીનર લોશનસિંહ શર્મા તથા અમૃતલાલ બારોટ સહીત અન્ય સભ્યો આ મુલાકતમાં જોડાઈ એસ.ટી.ના આ પગલાને બિરદાવ્યું હતુ.

# અરવલ્લી જિલ્લામાં નવરંગી નવરાત્રીની તડામાર તૈયારીઓ

## ગ્રામ્ય વિસ્તારોમાં ગરબા ગ્રાઉન્ડની સાફ સફાઈ પૂર્ણ, શહેરના કોમન પ્લોટમાં તૈયારીઓ પૂર્ણ

મોડાસા, તા. ૧૦

મા અંબા આધ્યશક્તિની ઉપાસનાના પૂર્વ નવરાત્રીને આડે માત્ર ચાર દિવસનો સમય બાકી રહ્યો છે. ત્યારે જિલ્લામાં અને મોડાસા શહેરમાં વિવિધ નવરાત્રી મંડળના આયોજકો તથા સોસાયટીઓ દ્વારા નવરાત્રી પર્વનું પૂર્વ તૈયારીઓ પૂર્ણ પર્વની તૈયારીઓ મોટે ભાગે પૂર્ણ કરવામાં આવી છે. ગરબા ગ્રાઉન્ડની સાફસફાઈ, સ્ટેજ, રોશની તથા મંડપ ઉભા કરવાનું શરૂ કરી દેવાયું છે. નવરાત્રી પર્વના આગમનનો યુવાનોમાં થનગનાટ અને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરની રામપાર્ક સોસાયટી,

જિલ્લાના યુવાનો તથા યુવતિઓ વિવિધ ટ્રેડીનશલ ડ્રેસ મટિરીયલ્સ, ચણીયા ચોળી સહિતની ખરીદીથી જિલ્લાના બજારોમાં ભીડ ઉમટી છે. મોડાસા શહેરના ડાન્સ ક્લાસિસમાં ગરબાની અવનવી રીતો શીખવા અને નવા પિક્ચરના ગીતો સાથે તાલ મિલાવવા માટે યુવાનો અને



કરી દેવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રી સમીતીઓ અને યુવક મંડળો દ્વારા રાસગરબા અને મા આદ્યશક્તિની ઉપાસના ભક્તિભાવ પૂર્વક કરવા અનેક આયોજનો કર્યા છે. ગામડાઓમાં નવરાત્રીના તહેવારને અનુલક્ષીને ગ્રામ પંચાયત દ્વારા ગામમાં સાફ-સફાઈ હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં આગામી નવરાત્રી પર્વને અનુલક્ષીને મોડાસા, બાયડ, માલપુર, મેઘરજ, ધનસુરા અને ભિલોડા જેવા શહેરોમાં આવેલી સોસાયટીઓ તથા નવરાત્રી ચોકમાં મંડળના આયોજકો દ્વારા નવરાત્રી સોસાયટી નગર વિકાસ યુવક મંડળ દ્વારા હનુમાન ચોક, ઉમીયા ચોક, નવજીવન ચોક, બુટાલવાડા, સોનીવાડા ચોક સહિતના વિસ્તારોમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નવરાત્રીના નવ દિવસ રાસગરબાની રમઝટ જમાવા માટે ગ્રાઉન્ડની સાફ સફાઈ, સ્ટેજ શણગારવા, સાઉન્ડ સિસ્ટમની મરામત સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. મોડાસા શહેરના વિવિધ મંડળો દ્વારા લોક સંગીતની ઈન્ટરનેશનલ પાર્ટીઓ દ્વારા રમઝટ બોલાવી ખેલૈયાઓને આકર્ષવાની તૈયારીઓ આટોપી લેવામાં આવી છે.

યુવતિઓ સઘન પ્રેકટિસ કરતા જોવા મળી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રી પર્વે અને આગામી દિવસમાં દિવાળી સહિતના ત્યોહારોને ધ્યાને રાખી ગામડાઓમાં ગ્રામ પંચાયતો દ્વારા સાફ-સફાઈ હાથ ધરવામાં આવી છે. મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં સરડોઈ ગ્રામ પંચાયતના સરપંચ જયદત્તસિંહ પુવાર (તત્વ એન્જીનીયરીંગ કોલેજ કેમ્પસ ડાયરેક્ટર) અને તેમના સભ્યો દ્વારા ગામની શેરીઓમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# પ્રાંતિજ-સાદોલીયા મહુડી યાત્રા ધામનો પાકો રોડ ડિસ્કો ડાન્સર બન્યો

## બે જિલ્લાને જોડતો પાકો રોડ બિસ્માર હાલતમાં દિવાળી પહેલાં કામ ચાલુ થાય તે માટેની માંગ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાને જોડતો ટુંકો માર્ગ પ્રાંતિજ સાદોલીયા મહુડીનો પાકો રોડ ડિસ્કો ડાન્સર બની જતાં ત્યાંથી રોજીંદી અવરજવર કરતાં મુસાફરો તથા વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.



બન્ને જિલ્લાઓને ટૂંકા માર્ગથી સાંકળીને વિકાસ વિકસાવવા તેમજ યાત્રાધામ મહુડીના ભગવાન ઘંટાકર્ણના ધામે શ્રદ્ધાળુઓ ટુંકા માર્ગે આસાનીથી પહોંચી શકે તે માટે સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચીને આ માર્ગ બનાવ્યો હતો. અને આ માર્ગ બનતા જ આ વિસ્તારનો વિકાસ પણ થવા માંડ્યો હતો. વ્યાપારની નવી આશાઓ બંધાઈ હતી. ઉદ્યોગકારો પણ આ વિસ્તાર તરફ આકર્ષાયા હતા અને જેના લીધે આ તમામ ગ્રામીણ વિસ્તાર ડેવલોપ તરફ વળ્યો હતો. પણ છેલ્લા કેટલાય સમયથી રસ્તો ભંગાર બનતાં અહી આવતા જતા વાહનો તેમજ યાત્રા ધામે જતા યાત્રિકોના વાહનોને ભારે પરેશાનીઓનો સામનો કરવો પડે છે. ક્યારેક તો વાહનો અધવચ્ચે પંચર થઈને પડ્યા રહે છે. આથી તાકીદે આ રસ્તાનું કામ શરૂ કરવામાં આવે તેવી માંગણી વાહન ચાલકો તથા સાદોલીયા પ્રાંતિજ તથા આજુબાજુના ગામડાઓના નાગરિકો કરી રહ્યા છે.

# વિજયનગર કોલેજમાં ઈન્ટરનેશનલ ડે ફોર ડીઝાસ્ટર રીડક્શનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા. ૧૦

૧૩મી ઓક્ટોબર સમગ્ર વિશ્વમાં ડીઝાસ્ટર રીડક્શન ડે તરીકે ઉજવાય છે. આ વર્ષની થીમ વિશ્વકક્ષાએ નક્કી કરાઈ છે કે સ્થાનિક નોલેજ અને સ્થાનિક સાધનોનો ડીઝાસ્ટરમાં ઉપયોગ કેવી રીતે કરી શકાય, તેને ધ્યાને રાખી જિલ્લાના અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણીની સુચનાને લઈ ડીપીઓ ડીઝાસ્ટર કે.બી. પટેલ અને મામલતદાર ડીઝાસ્ટર દ્વારા તા. ૧૦-૧૦-૨૦૧૫ના રોજ વિજયનગરની આર્ટસ કોલેજ ખાતે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને ડીઝાસ્ટરની શોધ બચાવની તાલીમ આપી હતી. આ તાલીમ ડીવીઝનલ કમાન્ડર ત્રિલોક ઠાકર દ્વારા આપવામાં આવી હતી. તેમાં ખીસામાં રાખવામાં આવતો રૂમાલ કે જેના ડીઝાસ્ટરમાં ૨૨ પ્રકારના ઉપયોગો થઈ શકે છે, ૩૦ પ્રકારના વિવિધ ગાંઠો દ્વારા બચાવ કામગીરીનું નિદર્શન યોજાયું હતું. વળી તજજ્ઞશ્રીએ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેજર્સ એક્ટ ૨૦૧૩ના અમલીકરણની વિવિધ સમજુતી પુરી પાડી હતી. આ પ્રસંગે હિંમતનગરની ફાયરસેફ્ટી કોલેજના નિયામક શ્રી નિમેશભાઈ પટેલે ફાયર સેફ્ટી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટના ૨૫ જેટલા વિવિધ અભ્યાસક્રમોની રસસભર માહિતી પુરી પાડી હતી. આચાર્ય શ્રી મેવાડાએ પુરક સગવડતાઓ પુરી પાડી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી મણીભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આગામી તા. ૧૩-૧૦-૧૫ના રોજ જિલ્લાકક્ષાનું ડીઝાસ્ટર મેનેજમેન્ટનું નિદર્શન છાપરિયા ફાયર સ્ટેશન ખાતે યોજાનાર છે ત્યારે જિલ્લાના વિદ્યાર્થી અને સંસ્થાઓએ તેનો બહોળા પ્રમાણમાં લાભ લેવા કે.બી. પટેલે અનુરોધ કર્યો છે.

# રાસલોડની યુવતીની સાસરીયાઓ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામની દીકરીએ પોતાના જ સમાજના યુવક સાથે એક વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કર્યા હતા. પણ લગ્નના એક વર્ષના સમય પછી પતિ તથા સાસુ દ્વારા મારઝુડ તથા માનસિક ત્રાસ આપતાં પત્ની (નેહાબેન) દ્વારા પોતાના પતિ અને સાસુ વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના રાસલોડ ગામની દીકરી નેહાબેન સંજયભાઈ નાયક ઉ.વ. ૨૨ કે જેના લગ્ન એક વર્ષ પહેલા તેમની જ્ઞાતિના હિંમતનગર નજીક આવેલા અલપોદરા ગામના રોનકકુમાર અનીલભાઈ નાયક સાથે પ્રેમલગ્ન થયા હતા.

જ્યારે નેહાબેનના પતિ કોઈ કામ ધંધો ના કરતાં હોવાથી નેહાબેન દ્વારા કોઈ ધંધો કે નોકરી કરવા બાબતે અવાર નવાર કહેતા જેથી તેમના પતિ રોનકભાઈ દ્વારા તેમની સાથે મારઝુડ કરતાં અને તારા પિયરમાંથી પૈસા કે દાગીના લઈ આવવા સહિતની માંગણી કરતા હતા. જ્યારે તેના સાસુ જશીબેન અનીલભાઈ નાયક દ્વારા તેને ઘરમાં મેળાટોણા મારી માનસિક ત્રાસ આપતાં હોવાથી નેહાબેન પિતાને ઘરે આવી ગયા હતા. અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પતિ તથા સાસુ સામે અવારનવાર મારઝુડ તથા માનસિક ત્રાસ આપવા બદલ ફરીયાદ નોંધાવવામાં આવી હતી. જેથી પ્રાંતિજ પોલીસે ૪૯૮ કલમ ૨૭૪ ખ ૧૧૪ મુજબ ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડવામાં ક્ષેત્રીય કાર્યાલય દ્વારા આરોગ્ય જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૦

ભારત સરકારના સુચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય પાલનપુર દ્વારા ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામે શુક્રવારના રોજ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જનજાગૃતિ રેલીને જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન મુળજીભાઈ પટેલ પટેલ (ગલોડીયા)એ લીલી ઝંડી આપી હતી. જનજાગૃતિ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓની માહિતી સાથે પ્રશ્નમંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય દ્વારા સ્પર્ધકોને ઈનામથી પુરસ્કૃત કરાયા હતા. ભવાઈ જેવા મનોરંજક કાર્યક્રમની સાથે સાથે આરોગ્ય યોજનાઓની માહિતી તેમજ માર્ગદર્શન ક્ષેત્રીય પ્રચાર ઈન્ચાર્જ અધિકારી જે.ડી. ચૌધરીએ પુરી પાડી હતી. આ પ્રસંગે ક્ષેત્રીય પ્રસાર



નિર્દેશાલયના નિર્દેશક સંતોષકુમાર, તાલુકા આરોગ્ય અધિકારી એચ.એલ. ગઢવી, ખેડબ્રહ્મા તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ અરવીંદભાઈ ઠક્કર તથા તાલુકાની સરકારી કચેરીઓના અધિકારીઓ તથા કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય જૂનાગઢના સંજયભાઈ શાહનો આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભાદરવે સ્મશાને નિરવ શાંતિ : ધોમધખતા તાપથી બચવા મુંગા પશુઓ સ્મશાનની શરણે



અરવલ્લી જિલ્લામાં ભર્યા ભાદરવે વૈશાખી તાપને ભુલાવે તેવો આકરો તડકો અને અસહ્ય ગરમીથી જિલ્લા પ્રજાજનો, પશુ-પંખીઓ તોબા પોકારી ઉઠ્યા છે. આધુનિક યુગમાં અસહ્ય ગરમીથી બચવા મનુષ્ય જીવ પંખા, એસી, એર-કુલર જેવા વિજ ઉપકરણોનો ઉપયોગ કરી ગરમીથી રાહત મેળવી રહ્યો છે. બીજી બાજુ માનવીઓએ વિકાસના નામે અને આધુનિકતા પાછળ આંધળી દોટ લગાવી વૃક્ષો અને જંગલોનું નિકંદન કાઢી નાખ્યુ છે. જિલ્લામાં વૃક્ષો અને જંગલો ધીમે ધીમે નામશેષ થઈ રહ્યા છે. જિલ્લામાં મુંગા પશુઓના માલીકો ચોમાસાની સિઝનમાં ઉગી નીકળતા ઘાસચારો માટે પોતાના પાલતુ પશુઓને લીલારા માટે ખેતરોમાં અને અરવલ્લીની ગીરીમાળાઓમાં રખડતા ભટકતા છોડી દે છે, ત્યારે ભાદરવાના અસહ્ય તડકાથી બચવા જ્યાં માનવી જતાં પણ ડરે છે તેવા સૂમસામ સ્મશાન મુંગા પશુઓ માટે ટાઢક અને નિરાંતનો અહેસાસ કરવાના અને તડકાથી બચવા પનાહ લીધેલા નજરે પડે છે.

# ખુમાનપુર પાટીયા પાસે બિયરનો જથ્થો ઝડપાયો

મોડાસા તાલુકાના લિંભોઈ ગામની સીમમાંથી અને ખુમાપુર પાટીયા પાસે મોડાસા રૂરલ પોલીસે બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બનાવનો પ્રાપ્ત વિગતોનુસાર શુક્રવારના રોજ મોડાસાના લિંભોઈ ગામની સીમમાંથી અને ખુમાપુર પાટીયા પાસેથી સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં લઈ જવાતા ૫૦૦ મિલી બિયરના ટીન નંગ ૩૧૨ કુલ કિંમત રૂ. ૩૧,૨૦૦નો બિયર મોડાસા રૂરલ પોલીસે પકડી પાડ્યો હતો. જ્યારે કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો. મોડાસા રૂરલ પોલીસે ૩૧,૨૦૦ રૂપીયાનો બિયર અને સ્વિફ્ટ ડિઝાયર ગાડી કિંમત ૫ લાખ મળી એમ કુલ ૫,૩૧,૨૦૦નો મુદ્દામાલ ઝડપી ફરાર કારચાલક સામે પ્રોબિ એક્ટ ક. ૬૬(૧)બી, ૬૫એઈ, ૧૧૬બી મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલી મોટી ઈસરોલ નજીકથી પસાર થતી ટ્રક પલટી મારી ગઈ હતી. ટ્રકના ચાલકે મોટી ઈસરોલ નજીકથી પસાર થતો હતો ત્યારે પૂરઝડપે હંકારતો હોવાથી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક માર્ગ પરથી ફસકી માર્ગ નજીક રહેલા તળાવમાં ખાબકી હતી. સદનસીબે ડ્રાયવર અને ક્લીનરને સામાન્ય શરીરે ઈજાઓ થતાં આબાદ બચાવ થયો હતો. ટ્રક તળાવમાં ખાબક્યો હોવાની ગામ લોકોને જાણ થતા તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ટ્રકમાંથી ડ્રાયવર અને ક્લીનરને બહાર કાઢી સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા.

# કરુન્ડાનાં તળાવમાં ડુબી જવાથી મોત

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના કરુન્ડા ગામના યુવકને લગ્ન સંસારમાં લાગી આવતા તળાવમાં પડી જીવન સંકેલી લીધુ હતુ. ખેડબ્રહ્મા તાલુકાના કરુન્ડા ગામના હિંમતભાઈની પત્નીને શંકરભાઈ વણઝારાના ફોન પરથી વારંવાર ફોન આવતા હોઈ તે બાબતે શંકા વહેમ રાખી મનમાં લાગી આવતા કરુન્ડા ગામના કંજેલા તળાવમાં જાતે પડતુ મુકી ડુબી જવાથી મરણ થવા બાબતે મધુરભાઈ મંગાભાઈ વણઝારાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

# મોડાસા તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા મહાશય પ્રજાની ટપાલો લેવાની ના પાડતા તાત્કાલિક અસરથી બદલી

મોડાસા, તા. ૧૦

મોડાસા તાલુકા પંચાયતની ટપાલ શાખામાં ફરજ બજાવતા એક સરકારી બાબુ પગાર લેવા છતાં પ્રજાની રૂબરૂ ટપાલ લેવાની ના પાડતા હતા. આવા આળસુ કર્મચારી અંગેની ફરિયાદ મોડાસાના ધારાસભ્યને થતાં ધારાસભ્યએ ટીડીઓનું ધ્યાન દોરતા તાત્કાલિક આ કર્મચારીનું ટેબલ બદલી નાખવામાં આવતા પ્રજામાં રાહત થઈ છે.

મોડાસા તાલુકા પંચાયતમાં સરકારી તથા પ્રજાની ટપાલો સ્વીકારવા માટે સ્પેશ્યલ એક ટપાલ ક્લાર્કનું ટેબલ હોય છે. બે આંકડાનો પગાર ખાતા આ ટેબલ પર ફરજ બજાવતા એક મહાશય પ્રજાની રૂબરૂ ટપાલ લેતા ન હતા. તેમાંય વળી આર.ટી.આઈ.ને લગતી ટપાલો લેવાની મને આસિસ્ટન્ટ ટી.ડી.ઓ.એ ના પાડી છે તેવુ કહેતા હતા. આજે એક પત્રકાર રૂબરૂ ટપાલ આપવા ગયા તો ધરાર ટપાલ લેવાની ના પાડી દીધી અને છાપવુ હોય તે છાપો તેવા શબ્દો ઉચ્ચાર્યા હતા. આ બાબતનું ધ્યાન મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને થતાં તાત્કાલિક ટી.ડી.ઓ. રાજનને વાત કરતા માત્ર ૧૦ મિનિટમાં ટપાલ શાખાના આળસુ કર્મચારીની તાત્કાલિક બીજા ટેબલ પર બદલી કરીને એક મહિલા કર્મચારીને મુકી દેવામાં આવ્યા છે. આથી આવા કર્મચારીઓ જે બાબતનો મોટો પગાર લે છે છતાં પોતાની ફરજ ચૂકે છે તેવા કર્મચારી વિરૂદ્ધ ખાતાકીય પગલાં લઈ સસ્પેન્ડ કરવાની માંગ ઉઠી છે.